

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*બીઆરટીએસ એ ખોટા દેખાવનું નાટક છે,*
*ને મેટ્રો એ વિકાસનાં મ્હોરાંનું મોટું નાટક છે*
*ત્રાટક છે પ્રજા પર, છે ઉધઈ પર લીંપણ -*
*ભટકાય જ્યાં લોકલ ત્યાં બૂલેટનું નાટક છે...*
*(હાઈકોર્ટનો ઠપકો)*

### હાઈકુ

*જેલમાં બેઠો,*
*કરે યાદ નાનીને -*
*લખે છે પક્ષો...*

*દૂધ પાઈને -*
*ઉછેર્યો છે આતંક -*
*થાય છે સામો...*

### ચિંતન

**તૈલા અભ્યંગે ચિતાધૂમે મૈથુને ક્ષારકર્મણિ ।**
**તાવદ્ ભવતિ ચાંડા લો યાવત્સ્નાનોનં ન ચા આચરેત ॥**

'ચાણક્યનીતિ' શાસ્ત્રનો આ શ્લોક છે :

આખા શરીરે તેલની માલિશ કર્યા/કરાવ્યા પછી, સ્મશાનગૃહે જઈ ચિતાની આસપાસના વાતાવરણમાં રહ્યા પછી પણ, અને મૈથિન ક્રિયાથી પરવાર્યા પછી, અને હજામત આદિ જેવાં ક્ષાર કર્મો કર્યા પછી 'સ્નાન' કરવું જરુરી છે. સ્નાન ન કરનારનું શરીર ધાર્મિક કાર્યો માટે 'અપવિત્ર' ગણાય છે.

આજના યુગમાં 'પૂજા'નો ખંડ (જો હોય તો) રસોડું, ડાઈનિંગ, બેઠકરુમ સુધી આપણે તો 'જોડા' પેરી બેફિકર ફરતા રહીએ છીએ પણ આપણી ઉદારતાનું પ્રદર્શન કરવા મહેમાનો ને પણ કહીએ - 'ચાલશે - ચાલશે બૂટ ન ઉતારો.'

પવિત્ર શરીરમાં જ પવિત્ર મન-ચિત્ત-આત્મા રહે છે અને પવિત્ર મનમાંથી જ પવિત્ર (હકારાત્મક) વિચારો પ્રકટે છે આજે માણસના મન-હૃદય-વિચાર મેલા થઈ ગયા છે. એનું 'મૂળ' અપવિત્રતા છે.

### સુવિચાર

- ઝાઝાં કામ કરવાનો ઝડપી રસ્તો એ છે કે એક વખતે એક જ કામ કરવું - **યુવાની કહેવત**
- શ્રદ્ધા બળવાન પણ હોય છે અને દયા કમજોર પણ હોય છે - **ગુલઝાર**
- સફળતાની સીડીનાં પગથિયાં ચડવા માટે
  તમારા હાથ ખિસ્સામાંથી બહાર કાઢવા પડે છે - **થોમસ કાર્લાઈલ**
- આપણા હૃદયનું ગાંડપણ જ ધૃણા છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રસિદ્ધિ મેળવો પણ પ્રતિષ્ઠા ગુમાવશો નહીં - **શાહબુદ્દિન રાઠોડ**
- સત્યનો સૌથી શક્તિશાળી મિત્ર છે 'સમય',
  સત્યનો સૌથી શક્તિશાળી દુશ્મન છે 'પૂર્વગ્રહ' - **ચંદ્રકાન્ત બક્ષી**
- વિજ્ઞાનનું વિજ્ઞાન એ તત્ત્વજ્ઞાન - **એડિસન**
- **આજનું ઔષધ :** હળદર ચઢાવેલા ચણા ગરમ કરીને સુંઘવાથી શરદીમાં તરત રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

જે સાચા, કર્મનિષ્ઠ અને સત્યપથ પર ચાલે છે એની જગતના વ્યવહારમાં ઈશ્વર પણ વધારે કસોટી કરે છે અને તેના સિદ્ધાંત અને નિષ્ઠાના પથ પરથી ચલાયમાન તો નથી થતો ને! પછી જ સિદ્ધિ આપે છે.

એક દંડી સ્વામીના આશ્રમમાં અનેક શિષ્યો અભ્યાસ માટે નિવાસ કરતા હતા. આશ્રમ જીવનમાં અભ્યાસ સાથે શ્રમ-તપ જોડાયેલાં જ હતા તેથી જ ગુરુ સેવા અને કર્તવ્યની કસોટી પણ થઈ જતી.

ગુરુ દંડી સ્વામી મૂળ શંકર નામના શિષ્યને અભ્યાસમાં પણ વધારે પડતું સ્વાધ્યાય અને મુખપાઠ આપતા અને તેની કડક તપાસણી પણ કરતા. શ્રમકાર્યમાં પણ વધારે પડતો બોજ તેના પર નાખતા. મૂળશંકર આ બધું મુંગે-મોઢે સહન કરીને પણ ગુરુ પ્રત્યેનો સેવાભાવ મક્કમપણે નિભાવતો અને કદાપિ અણગમાનો ભાવ હૃદયમાં કે ચહેરા પર લાવતો નહીં, બધું સહજપણે કરતો.

એક શિષ્યએ, દંડી સ્વામી પાસે જઈ પોતાની મનની શંકા વ્યક્ત કરી પૂછ્યું, ગુરુદેવ! આપને એમ નથી લાગતું કે મૂળશંકર પ્રત્યે આપ વધારે કઠોર છો? જવાબમાં ગુરુજીએ ચર્ચાસભા બોલાવી. મૂળશંકર એકલો એક તરફ બીજી તરફ બધા શિષ્યો. પ્રશ્નાર્થ શરુ થયા. મૂળશંકર દરેકના પ્રશ્નોના સંપૂર્ણ સાચા જવાબ આપી સામા પ્રશ્નો પૂછી બધાને હરાવ્યા. દંડી સ્વામીએ માત્ર સ્મિતથી જ પેલા શિષ્યને જવાબ દીધો. આ મૂળશંકર તે સ્વામી દયાનંદ સરસ્વતી.

## બ્રેઈનડેડ સદ્ગૃહસ્થ 'જીવનદાતા' બની શકે છે

### તંત્રીસ્થાનેથી....

રાજકારણના કાવાદાવા અને આતંકવાદી ઘટનાક્રમોથી અખબારોનાં પાનાં ભરેલાં રહેતાં હોય તેવા સમયે સુરતના બ્રેઈન ડેડ સદ્ગૃહસ્થનાં અંગોનું સમજણપૂર્વક દાન કરવાની ઘટના ખરે જ રણમાં વીરડી જેવી લાગે. દેહદાનનો કન્સેપ્ટ હજી જોઈએ તેટલો પ્રચાર પામેલ નથી. ચક્ષુદાન માટે તો સ્વજનો સહમત થઈ જતા હોય છે પરંતુ દેહદાન કરી દેવાથી અગ્નિદાહ કે ભૂમિદાહ માટે અવકાશ નહીં રહેતો હોઈ જવલ્લે જ કોઈ પોતાના દિવંગત સ્વજનનું દેહદાન કરવા સંમત થાય છે. એમાંય વળી બ્રેઈન ડેડ બની ગયેલા સ્વજનનાં અંગો કાઢી લઈ જરૂરિયાતવાળા દરદીઓને જીવતદાન આપવાની ઘટના તો રૅરેસ્ટ ઑફ રૅર કેટેગરીમાં જ આવે. સુરતના રહેવાસી અને મૂળે સૌરાષ્ટ્રવાસી હિંમતભાઈ સાવલિયાને બ્રેઈન હેમરેજ થતાં ડૉકટરોએ બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા - હવે પાછા ભાનમાં આવવાની તો શક્યતા રહી જ નહોતી. કૃત્રિમ શ્વાસોચ્છ્વાસની પ્રણાલી ખસેડી લેતાં જ એમનું મૃત્યુ નિશ્ચિત હતું. આવી 'આસન્નમૃત્યુ'ની અવસ્થામાં પહોંચી ગયેલા સ્વજનનાં અંગો તાબડતોબ સર્જરી કરીને કાઢી લેવામાં આવે તો જીવનમરણ વચ્ચે ઝોલા ખાતાં હૃદયરોગી કે કિડનીના દર્દીને નવું જીવન મળે. મેડિકલ સાયન્સની આ સૌથી મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિ છે. સુરતની 'ડોનેટ લાઈફ' સંસ્થાએ હિંમતભાઈ સાવલિયાનાં સ્વજનો પાસેથી એમનાં અંગોનું દાન પ્રાપ્ત કરીને ટ્રાન્સપ્લાન્ટેશન ટેકનિક આવી ગઈ છે. અમદાવાદની વિશ્વ વિખ્યાત કિડની હોસ્પિટલમાં કિડનીની રાહ જોતા દરદીઓ પૈકી જેને તાત્કાલિક જરુર હોય એવાને પ્રાયોરિટી લિસ્ટમાં મૂકી આવા બ્રેઈન ડેડ માણસોની અથવા તત્કાળ મૃત્યુ પામેલાના કૅડેવર કિડની ટ્રાન્સપ્લાન્ટ કરી આપવામાં આવે છે. સુરતની 'ડોનેટ લાઈફ' સંસ્થાએ કિડની હોસ્પિટલનો સંપર્ક કરી બે જીવ બચાવી લીધા છે. માણસ એક કિડની પર જીવી શકે છે એટલે મૃતકની બે કિડનીઓ બે દરદીઓને કામ આવે છે. એથી આગળ હવે હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ પણ સફળતાપૂર્વક થઈ શકે છે. સુરતના બ્રેઈન ડેડ સદ્ગૃહસ્થનું હૃદય મુંબઈમાં જીવનમરણ વચ્ચે ઝોલાં ખાઈ રહેલ દરદીને બેસાડવામાં આવતાં હવે દિવંગત હિંમતભાઈ સાવલિયા ત્રણ ત્રણ વ્યક્તિઓના જીવનદાતા બની ગયા છે. મર્યા પછી પણ બીજાને જિવાડી શકે એવો યોગ તો પુણ્યશાળી જીવને જ પ્રાપ્ત થઈ શકે. હૃદયના પ્રત્યારોપણની પ્રક્રિયા માટે સમય સાચવી લેવો એ સૌથી અગત્યની બાબત હોય છે. સુરતથી બ્રેઈનડેડ સદ્ગૃહસ્થનું હૃદય લઈને સ્પેશિયલ ફલાઈટમાં મુંબઈની ફોર્ટિસ હોસ્પિટલે વિક્રમ સમયમાં પહોંચાડી આપણા મેધાવી ડૉકટરોએ દેશનું ગૌરવ વધાર્યું છે. આ અંગદાનની પ્રક્રિયામાં કાનૂની કાર્યવાહી પણ બહુ ઝડપથી પુરી કરવાની રહે છે. જે પણ લોકો આવા માંગલ્યમય ઉપક્રમમાં સામેલ હોય તે ખરે જ અભિનંદનના અધિકારી છે. દુનિયા જયારે વિનાશનાં રક્તતાંડવનો સામનો કરી રહી હતી ત્યારે આવી એકાદી ઘટના માનવીને અખૂટ જીવનશ્રદ્ધાનું આશ્વાસન બની રહે છે. શું આવી ઘટના સાથે જોડાયેલ સ્વજનો અને ડૉકટરોનું જાહેર સન્માન કરીને સમાજે ઋણ સ્વીકાર ન કરવો જોઈએ?

## સ્વરાજ એટલે 'રામરાજ્ય' પાછળ મહાત્મા ગાંધીનો ભાવાર્થ

### જે રાજયમાં ગરીબો વધુ પાયમાલ થતા હોય એ રાજયતંત્રનો નાશ કરવો એ આપણો ધર્મ



**ગાંધી ૧૦૦**
ડૉ. રાજેન્દ્ર જાની

આઝાદીની લડત સમયે કોઈને પૂછવામાં આવે 'સ્વરાજ' એટલે શું? તો આ પ્રશ્નના અનેક જવાબો મળે. ખુદ ગાંધીજી પણ આ સંદર્ભે કહેતા કે 'સ્વરાજના કેટલાયે અર્થ કેમ ન કરવામાં આવે, હું પણ એના કેટલાંય અર્થ કેમ ન બતાવતો રહ્યો હોઉં, છતાં મારી પાસે તો સદાકાળ માટે સાચો એક જ અર્થ છે, અને તે છે રામરાજય.'

પોતાની વાતથી કોઈને દુ:ખ પહોંચે તો? આથી વાત માંડીને એ બાબત કે કોઈ એક શબ્દ બાબતે પણ ગાંધીજી ચોખવટ કરી લેતા હતા. 'સ્વરાજય'ની વિભાવનામાં 'રામરાજય'નો શબ્દપ્રયોગ કોઈને ખટકે તો, આથી તેમણે રામરાજય સામે કોઈને વાંધો હોય તો ધર્મરાજય શબ્દ ગણવો એવી સ્પષ્ટતા કરી હતી. રામરાજય કે ધર્મ રાજયનો અર્થ સ્પષ્ટ કરતાં પૂરા ભાવથી કહ્યું કે એમાં ગરીબોનું પૂરું રક્ષણ થશે, બધાં કામો ધર્મપૂર્વક કરવામાં આવશે અને પ્રજામતનું હંમેશા ધ્યાન રાખવામાં આવશે.

રામરાજય સ્થાપવામાં પ્રત્યેક ભારતીયોએ મદદ કરવી પડશે એવો મત વ્યક્ત કરતાં ગાંધીજી કહે છે, 'આપણી પાસે ખાદી જ એક સર્વ વ્યાપી અને રચનાત્મક સાધન છે પણ લોકોની શક્તિ વધારવા માટે બીજી કોઈક વ્યાપક વસ્તુની પણ જરુર છે. એ વસ્તુ છે મીઠાનો કર. મીઠાના કર સામે લડત ઉપાડવા પાછળનો ગાંધીનો આશય એ હતો કે મીઠા ઉપરના અંગ્રેજી સરકારે નાંખેલા કરની ખારાશ ગરીબ હોય કે તવંગર પ્રત્યેક ભારતીયોને સ્પર્શતી હતી. સૌને ઉપયોગી અને સૌને માટે આવશ્યક એવા મીઠાના કર સામે અવાજ ઉઠાવવા તેમણે તમામ ભારતીયોને એકતાના તાંતણે બાંધી દીધા હતા. મીઠા કર સામે સત્યાગ્રહ માંડવા પાછલનો તર્ક પણ તેમણે સમજાવ્યો હતો.

ભરૂચ જિલ્લાના કારોલી ગામે એક થયેલા પટેલોને સંબોધન કરતા તેમણે સમજાવ્યું હતું કે તમારે વિઘોટી (જનીન કર) ભરવાનો ત્રાસ હોય છે, પણ વિઘોટીનો કર તો જેની પાસે જમીન હોય તેને માથે હોય છે. એ કંઈ સ્ત્રીઓને કે બચ્ચાઓને ભરવી નથી પડતી. પણ મીઠું એક એવી વસ્તુ છે જેનો કર બાળક અને સ્ત્રી, ગરીબ અને તવંગર સૌને આપવો પડે છે. કરોડપતિ પણ આપે છે. પણ ગરીબને મીઠાનો કર વધારે આપવો પડે છે કારણ કે ગરીબને મસાલા મળે નહીં એટલે એને વધારે જોઈએ. ગરીબને રોટલામાં સ્વાદ લાવવા માટે એક જ વસ્તુ કે મસાલો તે મીઠું. ગરીબને પણ સરખો કર આપવો પડે છે. ગરીબ અને તવંગરની સ્થિતિ સમજયા વગર વહીવટ ચલાવતા રાજયકર્તાઓનાં રાજને તેમણે અન્યાયી રાજયને રાક્ષસી રાજય ગણાવ્યું હતું.'

એક ગુજરાતી કવિતાનો હવાલો આપતાં ગાંધીજી કહે છે તમે 'પુરી એક અંધેરી નગરીને ગંડુ રાજા' સાંભળી હશે. પણ આ દેશમાં એક જ અંધેરી નગરી નથી. અહીં તો સવા લાખ ગામડામાં અંધારું છે. (માર્ચ ૨૦, ૧૯૩૦) એક પણ ગામ સાફસૂફ થતું હોય, તેના આરોગ્યની સંભાળ લેવાતી હોય, તેના બાળકોને કેળવણી મળતી હોય એવું નથી, આવા તો બીજા અનેક દાખલા બતાવી શકું જેનાથી ગરીબો વધુ પાયમાલ થતા જાય છે.

આવા રાજયતંત્રનો નાશ કરવો એ આપણો ધર્મ છે એવું પુનઃરટણ કરતાં ગાંધીજી 'રામરાજય' સ્થાપવાની પોતાની વાતનો હાર્દ 'રામરાજય' શબ્દ વાપર્યા વગર સમજાવી દે છે. તેઓ કહે છે કે આપણે એવું રાજયતંત્ર સ્થાપવું જેમાં ગરીબમાં ગરીબ માણસને પૂરેપુરું રક્ષણ મળે. હિંદુ કે મુસલમાન કે પારસી એ સૌને સરખો ન્યાય મળે. હમણાં તો જે ઢોંગી હોય તે ફાવી જાય ને સીધો ને મૂંગો માણસ માર્યો જાય એવી સ્થિતિ છે. આજે બળીયાના બે બાગ છે. નબળા પાયમાલ થઈ જાય છે આજે તો રોટલો પણ મળતો નથી એવું રાજ થઈ ગયું છે. પ્રત્યેક ભારતીય મીઠાના કર સામે સવિનય કાનૂન ભંગ કરે તેનાથી શક્તિ વધશે. અને આ શક્તિ શાંતિમય અને શાંતિપ્રદ હોવાથી રામરાજય સ્થાપવામાં ઘણી મદદ મળશે. મીઠા કર ઉપરાંત અનેક અન્ય કર પણ ખોટા છે એની સામે પણ લડત કરવાની કેળવણી સવિનય કાનૂન ભંગ સાથે મળશે. આવાં સાધનો વડે રામરાજયની સ્થાપના સહેલી બની જશે, એવો મત વ્યક્ત કરતાં ગાંધીજી કહે છે રામરાજય સ્થાપવા માટે પંડિતાઈની જરુર નથી જે ગુણની આવશ્યકતા છે એ ગુણ તો બધા વર્ગના લોકોમાં એટલે કે સ્ત્રી, પુરુષ, બાળક અને વૃદ્ધોમાં તથા બધા ધર્મોના લોકોમાં પડેલો છે. આ ગુણની હજી બધાને ખબર નથી. મનુષ્યના આંતરિક ગુણથી બેખબર ભારતીયોને ખબર આપવા અર્થે પણ ગાંધીજીએ મીઠા કર સામે સવિનય કાનૂન ભંગનું શસ્ત્ર વાપર્યું હતું.

સંદર્ભ : સ્વરાજય અને રામરાજય, કારોલીમાં ભાષણ; ગાંધીજીનો અક્ષરદેહ ભાગ - ૪૩, પૃષ્ઠ ૧૨૯, ૧૩૦, નવજીવન પ્રકાશન.

**(લેખક : ગુજરાત કોલેજ અમદાવાદ ખાતે સમાજશાસ્ત્રના અધ્યાપક છે)**

## જોઈએ છે એક ઈશ્વર



**તારા તે નામથી સાનભાન ખોઉં**
**ને તારા તે નામથી જાગું**
**શ્યામ! હું તો તારી તે વાંસળી થઈ વાગું**
**મને રાધા કહો કે મીરા કહો**
**કે મને શબરી કહો તો હવે ચાલશે**
**ગોપીના નામ ભલે જુદા : પણ**
**ગોપી તો એક જ ગોવાળિયાને માગશે**

*(સુરેશ દલાલ)*

એક એવા ભગવાન કે જેની પ્રતિભા પ્રાચીન હોય, પણ ઉપદેશ અર્વાચીન હોય. જેનામાં દંતકથામય ભવ્યતા અને દૈવી ચમત્કારિકા હોય, સાથોસાથ માનવીય લાગણીઓ અને સ્વાભાવિક ગમા-અણગમા પણ હોય. એ 'એંગ્રીયંગમેન' હોવાની સાથે 'ચૉકલેટી રોમેન્ટિક' હોય.

જરૂરિયાત મુજબ યુદ્ધત્વ અને બુદ્ધત્વ બંનેનો પરિચય કરાવી શકે. જે સિદ્ધાંતોના મૂળિયાં તરછોડે નહીં, છતાં નવીનતાની ડાળીઓ ફેલાવા દે. જે બીજાને બચાવવા જાન આપી દે તેવા પરોપકારી નહીં, પણ બીજાને બચાવવા માટે જાન લે તેવા પ્રભાવશાળી હોય. જેમના માટે જીવનઉદાસી નહીં, પણ ઉત્સવ હોય. જેમનામાં યૌવનનો આધુનિક થનગનાટ હોય અને ઊંડાણપૂર્વકના અભ્યાસનો તરવરાટ હોય. જે 'આઈડિયલ' (આદર્શ) નહીં, પણ 'પ્રેક્ટિકલ' (વ્યવહારુ) હોય. જેમની પૂજા ન થાય, જેમને પ્રેમ થાય!

આ અદ્ભૂત સંવાદો છે જયવસાવડા કૃત 'JSK' પુસ્તકના પ્રથમ પ્રકરણના. આ પુસ્તક રૂહીને અર્પણ કરવામાં આવ્યું છે. રિમઝિમ પ્રકાશન દ્વારા પ્રકાશિત આ પુસ્તક ૧૬૪ પૃષ્ઠમાં વહેંચાયેલું છે અને કુલ અઢાર પ્રકરણોમાં લખાયેલું છે.

જય વસાવડા ગુજરાતી ભાષાના લોકપ્રિય સર્જકોમાંના એક છે. આઝાદ અને આનંદી સ્વભાવના જયભાઈના શબ્દો જાદુઈ આંધી બનીને ત્રાટકે છે. એમના લેખન-પ્રવચનમાં ગુજરાતી થાળીની માફક બધા સ્વાદનું વૈવિધ્ય કૃષ્ણ જેવી મુરલીથી સુદર્શન ચક્ર સુધીની 'વાઈડ રેન્જ'માં ધસમસે છે. ગુલાબની પાંદડીની સુવાસિત કોમળતા અને પ્લેટીનમ બ્લેડની ધારની ઝળહળ કાતિલતા ધરાવતો જય વસાવડા જિંદગીના ઝંઝાવાત અને ઝગમગાટને છાતીમાં ભરીને ખોલતાં-ખોલતાં રહે છે.

આ અગાઉ એમણે લખેલા પુસ્તકો બેસ્ટ સેલર થઈ ચૂક્યા છે. જેમાં 'પ્રીત કિયે સુખ હોય' અને 'જય હો' નો સમાવેશ થાય છે.

- કૃષ્ણ જ ૨૧મી સદીના 'મિલેનિયમ ગોડ' થઈ શકે
- સખાજ ધર્મથી દૂર પણ કૃષ્ણની નજીક
- કૌન બનેગા કૃષ્ણપ્રેમી
- કૃષ્ણની દ્વારકાનું સમુદ્રમંથન
- લવગુરુ ક્રિષ્ના
- રાધાની ધારા
- મોટિવેટર
- મેનેજર
- એક વાર યમુનામાં આવ્યું તે પૂર અને
- કૉફી વીથ કૃષ્ણ

આ પુસ્તકમાં વહેંચાયેલા પ્રકરણો છે.



**અદબ-પલાંઠી મોં પર આંગળી**
ડૉ. સંતોષ દેવકર

પુસ્તકમાં લેખકે મુકેશ જોશી, વિવેક ટેલર, ત્રિપકાન્ત મણિયાર વગેરેની કવિતાઓ લીધી છે તો ગુણવંત શાહ, ભાગ્યેશ જહા, કાજલ ઓઝા વૈદ્યના ગદ્યનો ઉપયોગ બિન્દાસ્તપણે કર્યો છે.

પુસ્તકમાં ઉપયોગમાં લીધેલાં ચિત્રો અદ્ભૂત છે. વાંચતા પહેલા ચિત્રો ધ્યાન ખેંચે છે. આર્ષકવિ ચિત્રો લખવાની સાથે પુસ્તકની ગુણવત્તા વધારે છે.

લેખક લખે છે કે 'તૈયાર સિંહાસનને બદલે સાંદિપની ઋષિ પાસે જઈ વિદ્યાભ્યાસ કરવાનો નિર્ણય લઈ રાજકીય વિવાદો પર પડદો પાડી દીધો. શાસન કરતાં સંશોધન, ઐશ્વર્ય કરતાં અભ્યાસને પ્રાથમિકતા આપી.'

**(વધુ આવતાં અંકે...)**

મિસરી :
" 'પથ્થર ને લકીર' જેવા
વજનદાર સિદ્ધાંતો
આપતા ચુસ્ત ધર્મગ્રંથો કરતાં
ભગવદ્ગીતાની વાર્તા
વધુ ઉત્તમ
જીવનપંથો કંડારે છે."
- (SMS - નવીનભાઈ મોદી, એડવોકેટ)

## માણસનો મૂળ સ્વભાવ આનંદ મેળવવાનો છે, તે સર્વમાંથી બાહ્યાભ્યંતર આનંદનું આકલન કરી, જીવનને સુંદરતમ્ બનાવવા ઈચ્છે છે



**સાહિત્ય વૃત્ત**
મૂળજીભાઈ પરમાર 'દધિ'

ગુજરાતી સાહિત્ય પરિષદ અને સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે, વ્રજલાલ દવે સાહિત્ય વ્યાખ્યાનમાળા અંતર્ગત; નિસર્ગ આહીરનું 'સાહિત્યનું ભાવન' વિષય પરનું વકતવ્ય, તા. ૧૨.૧.૨૦૧૬ના રોજ, શિયાળાની ખુશનુમા સવારે, સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, સે-૮ના હોલમાં, ગાંધીનગરના જાણીતા સાહિત્યકાર-કવિ હરિકૃષ્ણ પાઠકના અધ્યક્ષસ્થાને અને ગુજરાતી સાહિત્યના ઉત્તમ કવિ - સર્જક- વિવેચક- વાર્તાકાર તથા નવો જ સાહિત્યપ્રકાર 'હાઈન્કા' નામનો નવ સંશોધિત કાવ્યપ્રકાર જેમણે સંસ્કૃત જગતને ભેટ ધર્યો છે અને જેઓ 'શબ્દસર' મેગેઝીનનાં તંત્રી છે તેવા કિશોરસિંહ સોલંકીની વિશેષ ઉપસ્થિતિમાં તથા ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રીઓ અને દિપક પંડ્યાની હાજરીમાં, કૉલેજના આચાર્યા ડૉ. ઋચા બ્રહ્મભટ્ટની પ્રેરણા અને નિમંત્રણથી યોજાઈ ગયું. આ વકતવ્યમાં કૉલેજના વિદ્યાર્થીઓ પણ ખૂબ જ મોટા પ્રમાણમાં જોડાયા હતા. સાહિત્યરસિકોની હાજરી નોંધપાત્ર હતી.

નિસર્ગ આહીરે 'સાહિત્યનું ભાવન' વિષય પર મનનીય વકતવ્ય આપતાં પહેલાં ભક્તકવિ નરસિંહ મહેતાના 'મલ્હાર' વિશે અને પ્રભાતિયા વિશે જણાવી (૧) મહેલો ગાજે ને માધવ નાચે - નું નરસિંહ મહેતાની રચના, (૨) મીરાબાઈની - ગોવિંદો પ્રાણ અમારો રે (૩) કવિ નર્મદની - જય જય ગરવી ગુજરાત (૪) હરિન્દ્ર દવેની 'પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા' (૫) રમેશ પારેખ અને અનિલ જોષીનું સમૂહગાન (૬) રવીન્દ્રનાથ ટાગોરની રચના (૭) શ્રેયા ઘોષાલ દ્વારા ગવાયેલું ગીત (૮) ગુલઝાર અને જગજીતસિંહે ગાયેલ 'જિંદગી'નું ગીત (૯) અમિતાભ બચ્ચને ગાયેલ 'મધુશાલા'નું ગીત અને (૧૦) શાયર ફૈયાઝ હાશમી અને ફરિદા ખાનમની રચનાઓનો વીડિયો દ્વારા રસાસ્વાદ કરાવ્યો.

'સાહિત્ય ભવન' બાબતે તેમની આગવી છતામાં સર્જક, ભાવક અને ભાવન વિષે શ્રાવ્ય અને દશ્ય માધ્યમથી નિસર્ગ આહીરે જણાવ્યું કે સર્જન અને ભાવન એકબીજાના પૂરક છે. મનન અને ચિંતનના પરિણામે જન્મેલ વિવેક કે જેમાં ભાવની પ્રધાનતા રહેલી હોય છે. અધ્યયનથી સાહિત્યાનંદ માણએ તે ભાવક. ભાવની પ્રત્યંચાથી ચિત્તના શુષુપ્ત ભાવો જાગૃત થાય. જગત નક્કર હકીકત-તથ્ય સાથે સંકળાયેલું છે. એટલે સાહિત્યમાં પણ આપણે તથ્યને શોધવા મથીએ છીએ. જગત જેટલું સ્થળ તેટલું જ સૂક્ષ્મ છે; મૂર્ત અને તેટલું જ અમૂર્ત છે. તે અર્મૂથ ધારણાઓ, કલ્પના કે ભાવનાના આધારે ચાલતું હોય છે. ભાવનમાં અર્થઘનતા અને અર્થબાહુલ્ય પણ હોય છે. ભાવન એક સંકુલ સંજ્ઞા છે અને તે અનેક સ્તરીય - જેમ કે સાહિત્યિક, સર્જનાત્મક, ભ્રાન્ત, અતિ અલ્પ, આદર્શ, સત્ય વિગેરે હોય છે. ભાવન માટેની શરતોમાં મુખ્યત્વે વ્યાપક ભાવવિશ્વ, સંવેદનશીલતા, પરિભાષાની સમજ, ખુલ્લાપણું, સર્વગ્રાહી નિરીક્ષણ, સાંપ્રત ગતિવિધિઓનો પરિચય, વૈશ્વિક ચેતનાનો સંજ્ઞાર્થ, કલાગત વિભાવનાની સ્પષ્ટતા, દષ્ટિનું ઘડતર, તટસ્થતા, પૂર્વગ્રહમુક્ત વલણ, વાચન-મનન, પરિશીલન અને નૂતન આવિષ્કારની માહિતીનો સમાવેશ થાય છે. કલાના સૌંદર્યમાંથી રસ અને રસમાંથી આનંદ મળે છે. જીવનના ચાર પુરુષાર્થ (૧) ધર્મ (૨) રસ (૩) કામ અને (૪) મોક્ષ છે. આ ચાર પુરુષાર્થમાંથી કામ પુરુષાર્થ સાથે એટલે કેફ 'કામ'ની પાંચ ઈન્દ્રિયો સાથે સૌંદર્યમયતા પ્રગાઢ રીતે વણયેલી છે, માણસનો મૂળ સ્વભાવ આનંદ મેળવવાનો છે આથી તે સર્વમાંથી બાહ્યાભ્યંતર આનંદનું આકલન કરી, જીવનને સુંદરતમ્ બનાવવા ઈચ્છે છે. પ્રાપ્ય સામગ્રીનાં વિશિષ્ટ સંયોજનો દ્વારા, નૂતન સૃષ્ટિનું સૌંદર્યપટક નિર્માણ એટલે કલા. આ કલા માટે કલાકાર જગતના અપરિચિત અનુભવો, લાગણીઓ, એષણાઓ, સંઘર્ષો, વેદનાઓ, કલ્પનાઓ, સત્યો, તથ્યો ઈત્યાદિને અનેકવિધ રીતે કલાકૃતિમાં સૌંદર્યમયરુપમાં મઢે છે, જે ભાવક માટે રસ અને આનંદના દ્યોતક બને છે. આમ સાહિત્ય ભાવન માટેની ભાવક પાસેથી સજ્જતાની અપેક્ષા રહેજ અને આમ ભાવકના ભાવની પ્રક્રિયાથી ચિત્તના સુષુપ્ત ભાવો જાગૃત થાય છે તેમ જણાવી, રમેશ પારેખનું ગીત - સાંવરિયા રે મારો સાંવરિયો, રાજેન્દ્ર શુક્લની ગઝલ - હજો હાથ કરતાલ, લાભશંકર ઠાકરનું 'સાંજના ઓળા લથડતા જાય,' સુમન શાહનું વાર્તાપઠન, કાનજી ભુટા બારોટની લોકવાર્તાની પ્રસ્તુતિ, અને તુષાર શુક્લની રચના 'આંખોમાં બેઠેલાં ચાતક કહે છે, મારું ચોમાસું કયાંક આસપાસ છે' ની દશ્ય અને શ્રાવ્યનું રંગત પ્રસ્તુત કરી, સર્વેની વાહ... વાહ મેળવી હતી. અંતમાં દિપક પંડ્યાએ આભારવિધિ કરી, સમારંભની પૂર્ણાહૂતિની જાહેરાત કરવામાં આવી હતી.

સાહિત્ય વૃત્તસંચય

- ૩૦મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ, ગુજરાત સાહિત્ય અકાદમી શબ્દસૃષ્ટિ વ્યાખ્યાનમાળા અંતર્ગત સુપ્રસિદ્ધ અને લોકપ્રિય લેખિકા કાજલ ઓઝા વૈદ્યનું 'સ્ત્રી-સમસ્યા : સંવેદના અને સમર્પણ' વિષય પરનું વ્યાખ્યાન અમદાવાદ ખાતે યોજાઈ ગયું જેમાં અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાની વિશેષ ઉપસ્થિતિ હતી. આ પ્રસંગે કુમારપાળ દેસાઈ, રાજેન્દ્ર પટેલ તથા અન્ય સાહિત્યકારો-ભાવકોની હાજરી ગણનાપાત્ર હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. કનૈયાલાલ ભટ્ટે કર્યું હતું.
- ડૉ. બાબાસાહેબ આંબેડકરનું ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે, ગુજરાત સાહિત્ય અકાદમી અને સા.ન્યા અને અ. વિભાગના સંયુક્ત ઉપક્રમે 'ગુજરાત દલિત સાહિત્ય પરિસંવાદ' તા. ૬.૧૨.૧૫ના રોજ મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદ ખાતે માન. મંત્રી રમણલાલ વોરાની અધ્યક્ષતામાં યોજાઈ ગયો. ઉદ્ઘાટન બેઠકનું સંચાલન પ્રવીણ શ્રીમાળીએ કર્યું હતું અને આભારવિધિ અગ્રસચિવ સંજય પ્રસાદે કરી હતી. પ્રથમ બેઠક 'ગુજરાતી દલિત કવિતા' વિષય પર ડૉ. નીરવ પટેલ, ડૉ. ગિરીશ રોહિત, ડૉ. વિનોદ ગાંધી તથા ડૉ. ડી. એમ. ભદ્રેસરિયાએ વકતવ્યો આપ્યાં, જેનું સંચાલન ડૉ. ધીરજ વણકરે કર્યું. બીજી બેઠક 'ગુજરાતી દલિત નવલકથા' વિષય પર મોહન પરમાર, ડૉ. રાજેશ મકવાણા, ડૉ. કેસર મકવાણા, ડૉ. હેતલ ગાંધીએ વકતવ્યો આપ્યાં, જેનું સંચાલન નટુભાઈ પરમારે કર્યું હતું. ત્રીજી બેઠક 'ગુજરાતી દલિત વાર્તા' વિષય પર પ્રવીણ ગઢવીની અધ્યક્ષતામાં રોહિત રતિલાલ, અરવિંગ વેગડા, ડૉ. ગંગારામ મકવાણા, ડૉ. કાન્તિ માલસરે વકતવ્યો આપ્યાં જેનું સંચાલન સાહિલ પરમારે કર્યું. ચોથી બેઠક 'ગુજરાતી દલિત આત્મકથા' વિષય પર ડૉ. હાસ્યદા પંડ્યાની અધ્યક્ષતામાં યોજાઈ જેમાં મણીલાલ રાનવરિયા, ડૉ. હરપાલ રાણા, ડૉ. આશા ગોહિલ અને ભી.ન.વણકરે પોતાનાં વકતવ્યો આપ્યાં જેનું સંચાલન દિલીપ ચાવડાએ કર્યું. સમાપન બેઠક ચંદુ મહેરિયાની અધ્યક્ષતામાં યોજાઈ જેમાં 'ગુજરાતી દલિત સાહિત્યની પ્રસ્તુતતા' વિષય પર અતિથિ વિશેષ તરીકે ડૉ. ધીરજ વણકર અને ડૉ. હર્ષદ પરમારે વાત કરી હતી, જેનું સંચાલન રાઘવજી માધડે કર્યું હતું.

**અનુસંધાન પાના નં. ૭ પર**